

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ખાલી ચણો વાગે ઘણો, કહેવાય છે ગુરુ!*
*સમજાવી દે સાનમાં, કહેવાય છે ગુરુ!*
*છે એકમેકના ગુરુ રહે શિષ્યની જેમ -*
*ચરિત્ર ઘંટાલ જેવાં - કહેવાય છે ગુરુ...*
*(ગુરુ વંદના)*

### હાઈકુ

*છે લક્ષ્મીપતિ -*
*બોલે તે બ્રહ્મવાક્ય,*
*એ નાગેન્દ્ર!!*

*'ગુરુ' પદ જ*
*પૂજાય છે સર્વત્ર*
*વ્યક્તિ નહીં જ*

### ચિંતન

*હંસદેહ હજી ન્યારા કોઈ, તાકર જાતિ કહેં ધૌ કોઈ ।*
*સ્પાદ સફેદ કિ રાતા પિયરા, સબરન બરન કે તાતા સિયરા ॥*

ઉપરોક્ત ચોપાઈ કબીર બીજક ગ્રંથમાંથી લેવાયેલ છે.

આત્મામાં જાતિ માનવાવાળાને કબીર પૂછે છે, જ્યારે આત્મા શરીરને છોડી દે છે, ત્યારે કોઈ કહેશે કે એમા કઈ જાતિ રહી છે? કોઈ બતાવી શકશે? આત્માનો રંગ કાળો, સફેદ યા લાલ કે પીળો છે? અથવા તો આત્મામાં કોઈ જાતિ છે કે, બીજી જાતિથી મળતી છે? જો નિર્ગુણ આત્મામાં કોઈ રંગ નથી, તો નિર્ધર્મક આત્મામાં બ્રાહ્મણત્વ આદિ જાતિ કેવી રીતે રહી શકે?

સર્વના શરીર પંચમહાભૂતનાં બનેલા છે. કેવળ સહર્માચરણ, ઉચ્ચ આચરણ, ઉત્તમ વિચાર વગેરેથી ઉચ્ચ અને એથી વિપરીત હોય તે નીચ.

### સુવિચાર

- જે માણસ અજ્ઞાની જ છે તેને દલીલો વડે પરાજિત કરવો અશક્ય છે - **ફાધર વાલેસ**
- જિંદગીમાં મીઠાશ ઉત્સાહ હોય, હૃદયમાં મહત્ત્વાકાંક્ષા હોય, તન મનમાં કામ કરવાની શક્તિ હોય ત્યાં સુધી માણસ યુવાન કહેવાય - **જીવનસૂત્ર**
- માણસ પોતાની નિષ્ફળતાથી જેટલો ડરે છે તેટલો કાર્ય સિદ્ધિથી દૂર રહે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ક્રોધ ખરાબ છે કારણ કે પહેલા પહેશાની પછી પરસેવો અને અંતે પસ્તાવો - **શ્રી મન્નારાયણ**
- બુદ્ધિચાતુર્ય એટલે વિરોધાભાગી બાબતોમાં રહેલી સમાનતાને ઓળખાવી અને સમાન દેખાતી બાબતોનાં તફાવત તારવતાં શીખવું - **સંત રોબિન**
- જે જ્ઞાન મનને ચોખ્ખું કરે છે, એ જ જ્ઞાન છે બાકી બધું અજ્ઞાન છે - **રામકૃષ્ણ પરમહંસ**
- આજનું ઔષધ : બહેનોને થતાં રક્તપ્રદરમાં કેળા સાથે ગાયનું ઘી લેવાથી ૬ મહીનામાં રક્તપ્રદર મટી શકે છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

બે સાધુ હતા. એક પાસે ગરમ ધાબળો હતો. બીજા પાસે ન હતો. ગંગા કિનારે બેય બેઠા હતા. એમના એકે જોયુ કે દૂર ગંગામાં એક કાળો ધાબડો તણાતો જાય છે. પહેલા સાધુની ના છતાં બીજો સાધુ ધાબળા માટે ગંગાના ધસમસતા વહેણમાં કુદી પડ્યો. પહેલાએ કહ્યું મારો ધાબડો લઈ લે પણ પાણીમાં પડીશ નહીં... પણ સાંભળે કોણ? સાધુ એ ધાબળો પકડ્યો પણ પાણીનો વેગ એટલો કે હવે બહાર અવાતું નથી. પહેલા સાધુ એ કહ્યું, 'ધાબળો છોડ તું કિનારે આવી જા નહીતર વમળમાં ફસાઈશ. બીજો સાધુ કહે, 'હું તો ધાબળાને છોડવા માંગુ છું પણ હવે ધાબળો મને છોડતો નથી.' કયાંથી છોડે ?? તે જીવતું રીંછ હતું તેને લાગ્યું કે આ માણસના આધારે હું બચી જઈશ. એટલે પ્રાણ બચાવવા તેને સાધુને પકડી રાખ્યો અને અંતે રિંછ અને સાધુ બેવ ડૂબી મર્યા.'

લોભ-મોહની વૃત્તિનો ત્યાગ કરવો ભલભલા માટે મુશ્કેલ છે. સંસારી હોય કે સન્યાસી...

# 'ગુરુ, તારો પાર ના પાયો !'

આજે ગુરુપૂર્ણિમાના પવિત્ર પર્વ પર રાજકારણ કે વિશ્વકારણ પર તંત્રીલેખ લખતાં કલમ ખંચકાટ અનુભવે છે. ભારત આખી દુનિયાથી અલગ કઈ રીતે પડે છે? એ અલગ પડે છે એની આધ્યાત્મિક ઊંચાઈના મુદ્દે. અલબત્ત, ભૌગોલિક સંદર્ભે પણ એની પાસે હિમાલય જેવી વિશ્વની સૌથી ઊંચી ગિરિમાળા છે. પરંતુ હિમાલય હોય કે ગિરનાર - આખરે ત્યાં જવાનું આકર્ષણ માત્ર પ્રાકૃતિક સૌંદર્ય નથી. દુનિયાભરમાંથી લોકો ભારત દોડી આવે છે તેનું સૌથી મહત્ત્વનું કારણ આધ્યાત્મિતા ક્ષેત્રે ભારતનું જે સર્વોચ્ચ પ્રદાન રહ્યું છે તે છે. ભૌતિકતાના ભંવરમાં ફસાયેલા એકવીસમી સદીના માનવીને શાંતિની શોધ માટે તો ભારત તરફ જ દોટ મૂકવી પડે છે. અહીં તત્ત્વજ્ઞાનનું જે અમૂલ્ય ભાથું સદીઓથી સંઘરાયેલું છે, એમાંથી માત્ર હોઠ ભીના થાય એટલું આચમન પણ આવા પ્રવાસીઓને કૃતકૃત્ય કરી મૂકે છે. ગુરુપૂર્ણિમા એ આપણી આધ્યાત્મિકતા સંપદાને ઉજાગર કરતું પર્વ છે. મહાભારત અને ભાગવત જેવા મહાન ગ્રંથોના રચયિતા મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ એ 'ગુરુણામ્ ગુરુ' તરીકે પ્રતિષ્ઠિત છે, એટલે આ પૂર્ણિમાને આપણે 'વ્યાસ પૂર્ણિમા' તરીકે પણ ઓળખીએ છીએ. અલબત્ત, સર્જક માત્ર ઓછાવત્તા અંશે વ્યાસનો જ વારસદાર ગણાય, કારણ કે 'મહાભારત' જેવું અનુપમ મહાકાવ્ય રચીને વ્યાસજીએ આખું જગત એંઠું કરી દીધું છે. ઋષિ પરંપરામાં વસિષ્ઠ, વાલ્મિકિ અને વિશ્વામિત્ર જેવા મહાગુરુઓ પાક્યા છે તો વળી આધુનિક જમાનામાં આપણી પૂર્વ પેઢીઓએ મહર્ષિ દયાનંદ સરસ્વતી, મહર્ષિ અરવિંદ, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ અને રમણ મહર્ષિથી લી મહાત્મા ગાંધીના માર્ગદર્શન એવા શ્રીમદ્ રાજચંદ્ર સુધીના ગુરુઓ જોયા છે. આ બધાં તો અતિ પ્રખ્યાત નામ છે, પણ દૂરદરાજના અંતરિયાળ વિસ્તારોમાં ધૂણી ધખાવીને બેઠેલા બાગદાણાના બજરંગદાસ બાપા કે એપીજે અબ્દુલ કલામ જેવા બિનહિંદુ બૌદ્ધિકને જેમનું શરણું લેવામાં શાતા સાંપડી હતી એવા અક્ષર પુરુષોત્તમ સંસ્થાના કર્ણધાર પ્રમુખ સ્વામીને કેમ ભૂલીએ? આપણી ગિરા ગૂર્જરીને વિશ્વગૂર્જરી બનાવી રહેલા રામકથાકાર મોરારિ બાપુને પણ યાદ કરવા પડે અને ક્રાન્તદૃષ્ટા સ્વામી સચ્ચિદાનંદને પણ સ્મરવા પડે. આસારામ બાપુને એમની પડતી દશામાં પણ પૂજનારો બહુ મોટો સમુદાય છે. આ બધા પાછળ કામ કરે છે 'ગુ' કહેતાં અંધકારમાંથી 'રુ' કહેતાં અજવાળામાં લઈ જતી શાશ્વત ચેતના. કબીર પણ આ જ ધરતીનું ફરજંદ છે અને 'ગુરુદેવ'નું બિરુદ પામેલા રવીન્દ્રનાથ ઠાકુર પણ. ગુરુપૂર્ણિમા એ આપણી સુષુપ્ત ચેતનાને ઢંઢોળવાનું અને ઝાંખી પડી રહેલી એ ભવ્ય આધ્યાત્મિક ઓળખને સંકોરવાનું પર્વ છે. દીક્ષા ગુરુની જેમ શિક્ષાગુરુનો પણ મહિમા કરીએ. શરુઆત મહર્ષિ વ્યાસના નામથી કરી હતી તો અંત આદિ શંકરાચાર્યથી કરીએ. ભારતની આધ્યાત્મિક ચેતનાને આ મહાન સંતે ચાર ધર્મપીઠો સ્થાપીને જે રીતે ટૂંકા આયુષ્યમાં સંપાદિત અને સંકલિત કરી આપી છે, એ પોતાની રીતે જ એક મસમોટો ચમત્કાર નથી શું? અને ગુરુ પરંપરા એકલા ભારતનો જ ઈજારો છે એવી બડાશ પણ શું કામ મારીએ? ગ્રીસનો સોક્રેટિસ, ઈસા મસીહ અને મહંમદ સાહેબ પણ આપણા કૃષ્ણ, બુદ્ધ અને મહાવીર જેવા જગદ્ગુરુઓની જ પંગતમાં બેસે છે.

**તંત્રીસ્થાનેથી...**

આ જગદગુરુ લેખે શ્રીકૃષ્ણ તો અભયવચન આપી રાખ્યું છે -

*યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।*
*અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજ્યામ્હમ્ ॥*

ગુરુનો પાર કોઈ પામ્યું છે કે પામશે ?

*તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ।*

# માત્ર નેમપ્લેટથી ઘર, ઘર નથી બનતું

### લઘુનવલ

લક્ષ્મી વાધવાણી

બે દીકરીઓની માતા સ્મિતા મારા ઘરે મળવા આવી. દીકરીઓની વાત ચાલતી હતી ત્યાં અચાનક સ્મિતાએ સાહજિકતાથી પણ થોડા દુઃખપૂર્વક પુછ્યું, 'લક્ષ્મી, દીકરીનું ઘર આખરે કયું? પરણ્યા પહેલાં કહેવાય કે પિતાનું ઘર છે પરણ્યા પછી કહેવાય સાસરિયાનું ઘર છે અને જો કોઈ કારણવશ કે પતિના નોકરી-ધંધાને લીધે પતિ સાથે અલગ ઘર વસાવ્યું હોય તો કહેવાય પતિનું ઘર છે તો દીકરીનું સાચું ઘર કયું?'

સ્મિતાની વાત સાંભળતાં મને સત્સંગમાં સાંભળેલી એક વાત યાદ આવી (જયારે બેટી બચાવો, બેટી પઢાવો અભિયાન પૂરજોશમાં ચાલતું હતું) કે દીકરી તો ઘરની દહેલીજ, (આંગણામાં) પણ પ્રગટાવેલા દીપ સમાન છે જે ઘરની અંદર પણ ઉજાશ આપે છે અને ઘરની બહાર પણ પ્રકાશ પાથરે છે. અર્થાત્, દીકરીનું ઘર પિયર, સાસરુ (તથા પતિનું ઘર બેઉ છે. દીકરી જેમ પિયરમાં સંસ્કાર, માયાળુ સ્વભાવથી બંધાને પોતાના બનાવી દે છે, અને એ દીકરી જયારે પિયર જાય છે ત્યારે સાસરીયાંઓનું ઘર સૂનું થઈ જાય છે અને પિયરમાંથી સાસરે જાય છે ત્યારે પિયર સૂનું થઈ જાય છે. આમ, માત્ર નેમપ્લેટથી જ ઘર ઘર નથી બનતું. દીકરીને કે વહુની ચહલપહલથી એની મધુર વાણીના રણકારથી ઘર ઘર બનતું હોય છે.

અચાનક મને એક વાત યાદ આવી. જે તમારી સાથે શૅર કરું છું.

એક દીકરી કાજલ પરણીને સાસરે ગઈ. ખૂબ પ્રેમાળ, સંસ્કારી દીકરીને સાસુ મમતાનું મન મોહી લીધું. બંને વચ્ચે સાસુ- વહુ નહીં પણ મા-દીકરી કરતાંય વધુ ગાઢ સંબંધ, ગાઢ પ્રેમ હતો. લગ્નને માંડ બે-ત્રણ મહિના થયા હશે ત્યાં કોઈ સંબંધી સીમાબેન મમતાબેનને મળવા આવ્યા. કાજલ એમને નાસ્તો-પાણી આપવામાં પરોવઆઈ અને અચાનક કાજલના કાને એના સાસુ મમતાબેનના શબ્દો પડ્યા કે દીકરી તો મીઠાઈ જેવી હોય છે. જયારે વહુ (પુત્રવધૂ) મીઠા (નમક) જેવી હોય છે. આ સાંભળતાં જ કાજલ વિચારમાં પડી ગઈ કે મારાથી એવું શું ભૂલ થઈ ગઈ કે મમ્મીએ આ શબ્દો વાપરવા પડ્યા. ખૂબ વિચારવા છતાં ઘરમાં તેને પોતાની કોઈ ભૂલ યાદ ન આવી. તે ખૂબ ઉદાસ રહેવા લાગી. એના સાસુથી આ ઉદાસી સહન નહોતી થતી. અવારનવાર એની તબિયત માટે કાજલને પૂછતા પણ કાજલ વાત ટાળી દેતી. આખરે ત્રીજા દિવસે મમલાબેને કાજલને પુછ્યું, બેટા, તું મને તારી મમ્મી જેવી માને છે ને તો મને તારી ઉદાસીનું કારણ જણાવ તને મારા સમ છે.

કાજલે ખૂબ નમ્ર પણ ખિન્ન હૃદયે પૂછ્યું મમ્મી, મારાથી શું ભૂલ થઈ છે? જો એવું જ હતું તો મને તમે મારી ભૂલ તરફ ધ્યાન દોરો, મને સજા આપો પણ તમે સીમા માસીને કેમ એવું કહ્યું કે દીકરી મીઠાઈ જેવી અને વહુ મીઠા જેવી હોય છે?

સાંભળીને મમતાબેન હસી પડ્યા. અરે, ગાંડી દીકરી, તુંય ખરી છે. આ વાતથી ત્રણ ત્રણ દિવસથી દુઃખી થાય છે. જો બેટા, એનો એ અર્થ તો મારા વાકયમાં જ સમાયેલો છે. દીકરી મીઠાઈ જેવી એટલે મીઠાઈ આપણે રોજ નથી ખાતાં કયારેક જ ખાઈએ છીએ. અને દીકરીઓ પણ પિયરમાં કયારેક જ આવતી હોય છે. રોજ નથી આવતી. જયારે વહુ મીઠા જેવી એટલે કે રસોઈમાં મીઠા વગરનું શું ચાલી શકે? મીઠા વગરની રસોઈ કોઈને ભાવે ખરી? માટે જ એ રીતે વહુ વગર પણ ઘરમાં ના ચાલે. અને તારા વગર પણ મને જયારે ગમતું નથી. જયારે તું મારા પિયરમાં (મીઠાઈ બનીને) જાય છે ત્યારે પણ હું ય સમજું છું જો મને તારા વગર એક દિવસ પણ ના ગમતું હોય તો તારા ભાઈ ભાડું, મમ્મી પપ્પા, બધાને પણ તારા વિના સૂનું જ લાગતું હશે ને? માટે સમજ તારા પિયર માટે તું મીઠાઈ અને અમારા માટે સ્વાદિષ્ટ વાનગી બનાવતાં મીઠા જેવી છે. સમજી?

કાજલ એટલી ખુશી થઈ ગઈ કે મારા સાસુના મતે મારું આટલું બધું મહત્ત્વ છે અને બીજી બાજું આવા પ્રેમાળ સાસુ માટે ગેરસમજ કર્યા બદલ દુઃખ પણ થતું હતું. પણ એ પળ એટલી સુંદર હતી કે જેમાં આંખમાં હર્ષ અને પશ્ચાતાપના મિશ્ર આંસુ અને ચહેરા પર સ્મિત...!

હવે મારી આ વાત સાંભળીને સ્મિતાના મનનો ભાર કે 'દીકરીનું સાચું ઘર કયું?' એ ઉતરી ગયો. કારણ, તે સંયુક્ત કુટુંબમાં ભલે નહોતી રહી શકતી. તેના પતિની નોકરીને કારણે પણ તેનું પોતાના ત્રણેય ઘર પિયર, સાસરી કે પતિનાં ઘરમાં સાચે જ ખૂબ મહત્વનું હતું. બધા

**અનુસંધાન પાના નં. ૭ પર**

# ગુજરાતી સંસ્કૃતિને જીવંત કરતી એક સંવેદનશીલ સીરિયલ - યે મોહ મોહ કે ધાગે

### મોરપીંછના રંગ



ડો. કનૈયાલાલ ભટ્ટ

૨૧મી સદીમાં આપણી ભારતીય સંસ્કૃતિનું અસ્તિત્વ ટકાવવા આપણા વિચારકો, રાજનીતિજ્ઞો, સર્જકો કે શિક્ષકો જ્યારે ઉણા ઊતર્યા છે ત્યારે ટી.વી ચેનલો પર પ્રસ્તુત થતી કેટલીક સીરિયલો પણ આપણી સંસ્કૃતિનું જતન કરતી જોવા મળે છે ત્યારે આનંદ થાય છે. કેમ કે આજે મોટાભાગની સીરિયલોમાં ઝાકઝમાળવાળા આલીશાન બંગલાઓમાં સ્ત્રી પુરુષો વચ્ચેના સીધા, આડા અને અવળા સંબંધોની આંટીઘૂંટી, સાસુ વહુંના ઝગડાઓ, કે બે ભાઈઓ—મિત્રો વચ્ચેની ધંધાકીય હરીફાઈ કે બે પરિવાર વચ્ચેના વેરઝેર, કે પતિ પત્ની વચ્ચેના આડા સંબંધો—લગ્નેતર સંબંધોથી વિશેષ કશું જ હોતું નથી. પણ છેલ્લા ઘણા સમયથી સોની ટીવી પર સોમથી શુક્ર સાંજે સાતથી સાડા સાત એક અત્યંત લાગણીસભર અને સ્વચ્છ સીરિયલ 'યે મોહ મોહ કે ધાગે' ચાલી રહી છે. જેમાં ગુજરાતની સંસ્કૃતિને આખા વિશ્વમાં પ્રસ્તુત કરવામાં આવી રહી છે.





કથા કંઈક આવી છે. ગુજરાતનું નાનું એવું 'અંબોલી' ગામ છે. જ્યા એક ૪૨ વર્ષના અપરિણીત મુખી રહે છે. તેમના લગ્ન કરાવવા માટેનું કામ અમદાવાદની એક લગ્ન સંસ્થામાં કામ કરતી અરુંધતી નાણાવટી (અરુ) નામની ૨૧ વર્ષની છોકરીને સોંપાય છે. અરુ ૨૧મી સદીની શહેરની શિક્ષિત થયેલી ચંચળ છોકરી છે. તે મુખીના લગ્ન કરાવવા એક પછી એક છોકરીઓ મુખીને બતાવે છે પણ ગામડાને કારણે કોઈ હા કહેતું નથી. આ દરમિયાન અરુની જ મોટી બહેન જ મુખીની સંપતિ જોઈને તેમની સાથે લગ્ન કરવાની હા કહે છે. લગ્ન નક્કી થાય છે. મુખીના ઘરમાં મુખીના બહેન ''રામીબહેન'' પણ સાથે રહે છે. જે મુખ્ય વિલનનો રોલ કરે છે. રામીબહેન નથી ઈચ્છતા કે ભાઈના લગ્ન થાય. અને ઘરમાં બીજી કોઈ સ્ત્રી આવે કેમ કે મુખી સાવ ભલા માણસ છે. તેથી મુખીની ફેકટરી અને તમામ નાણાકીય વહેવાર રામી બહેન અને મુખીની નાની બહેનનો પતિ પોતાની રીતે જ ચલાવે છે. ફેકટરીની આડમાં દારુંનો ધંધો અને બીજા પણ ખોટા કામ કરે છે. તેથી રામી બહેન મુખીની સાથે લગ્ન કરવા તૈયાર થયેલી અરુની મોટી બહેનનો જુનો પ્રેમી શોધીને લગ્નને જ દિવસે બન્નેને ક્યાંક ગૂમ કરી દે છે. પરંતુ મુખીની સૌથી નાની બહેન ઢીંગલી (બચપણમાં દતક લીધેલી) આ લગ્નને અટકવા નથી દેતી અને અરુના મમ્મી પપ્પા તથા અરુને અને મુખીને સમજાવીને મુખીની આબરુ સાચવવા માટે અરુના લગ્ન મુખી સાથે ગોઠવે છે અને લગ્ન થાય પણ છે. અને રામી બહેનનો આખો દાવ ઉલ્ટો પડે છે.

સાચી કથા અને સીરિયલ અહીંથી શરું થાય છે. એક બાજું અરું ખુબ જ બોલકી, ચંચળ અને શહેરી છોકરી છે. મુખી શાંત, ધીર ગંભીર અને એકદમ ગ્રામીણ વ્યક્તિ છે. બન્નેના વિચારો સામસામી દિશાએ છે. ગ્રામીણ અને શહેરી સંસ્કાર અને સમજદારીનો સંઘર્ષ પણ એકદમ સમજવા અને માણવા જેવો અહીં બને છે. લગ્ન થયા હોવા છતાય બન્ને એક રૂમમાં અલગ અલગ સૂવે છે. પણ એ રૂમમાં જે જે ઘટનાઓ બને છે એમાં સિરીયલની લેખિકાએ જે કમાલ બતાવી છે તે અદભુત છે. દામ્પત્યજીવન જીવતા કોઈપણ દંપતિને પ્રેમ લાગણી અને સમજણના પાઠ ખુબ સરસ રીતે અહીંથી શીખવા મળે છે. એકતરફ રામીબહેન પરિણીત છે. પણ તેમનો જુનો પ્રેમી લાલજી જેલમાંથી છૂટીને આવી રામીબેનના કહેવાથી તેમની જ હવેલીમાં ઉપરના માળે ભંડારિયામાં રહે છે. અને બન્ને મળીને જાતજાતના ષડયંત્રો કરે છે. વારંવાર અરુને મારવાના પ્રયત્નો કરે છે. પણ દરેક વખતે મુખીને કારણે અરુ બચી જાય છે. છેલ્લે તો રામીબહેનનો પ્રેમી લાલજી શરીરે ટાઈમબોમ્બ બાંધીને હુમલો કરાવે છે તો પણ અરુ બચી જાય છે.

આ સિરીયલની સૌથી સંવેદનશીલ વાત છે પતિ પત્નીના દામ્પત્યજીવનની — જે બન્ને એકબીજાના વૈચારિક વિરોધી હોવા છતાય પરિસ્થિતિવશ થયેલા લગ્ન બંધને બંધાયા હોવા છતાય દામ્પત્યજીવન નહીં જીવતા અરુ અને મૂખી એકબીજાની નાની નાની વાતોમાં કેવી કાળજી કરે છે એ જગતના કોઈ ગ્રંથોમાંથી શીખવા ના મળે તે અહીંથી મળે છે. મુખીએ દતક લીધેલી નાની બહેન ઢીંગલીના લગ્ન પછી અરુનું શહેર જવાનું કોઈને કોઈ કારણવશ લંબાતું જાય અને બન્ને વચ્ચેના સંબંધોના ધાગા પણ વણાતા જાય છે.

મુખી આખા ગામ માટે એક આદર્શ છે. આ અંબોલા ગામે રામરાજ્ય છે મુખી ઉપર કોઈ જીવલેણ હૂમલો કરાવી શકે એવું કોઈ માનવા તૈયાર નથી. પણ અરુ પોતાની અને મુખી ઉપર ટ્રકથી હૂમલો કરનાર ડ્રાઈવરની ભૂરી આંખો જોઈ ગયેલી જે લાલજીની હોય છે.

અરુને ઘરમાંથી કાઢવા રામીબેન અવનવા પેતરા રચે છે પણ સફળ થતા નથી. હવે અરુ એકદિવસ મૂખીને કહે છે તે ઘરમાં રહીને કંટાળી જાય છે તેથી તેમની ફેકટરીમાં નોકરી કરવા ઈચ્છે છે. અને મૂખી રામીબેનનો વિરોધ હોવા છતાય અરુને ''હા'' કહે છે. અરુના ફેકટરીમાં આવવાથી અનેક ગેરરીતિઓ ધીમે ધીમે અરુને સમજાવા લાગે છે. લાલજી પણ ફેકટરીનો એક ભાગ ભૂતના નામે પચાવીને બેઠો હોય છે. જ્યા રામીબેન, નાનો જમાઈ અને લાલજી બધા મળીને દારુની સપ્લાઈ કરે છે. પણ અરુના આવવાથી આ બધુ બંધ થાય છે અને લાલજીનુદ્દ રહસ્ય ખુલે છે તેને મુખી ગામથી દૂર મોકલી દે છે.


હવે કથાનો બીજો ભાગ શરુ થાય છે મસાલા ફેકટરીમાં એક દિવસ બધી સ્ત્રીઓ અરુના મનનાં હસતા હસતા એક વાત કહી દે છે કે મુખીનું આજથી પંદર વર્ષ પહેલા સાલવીબેન સાથે લગ્નનું નક્કી થયેલું પણ પછી એ તૂટી ગયેલું.. હવે ત્યારથી એ સાલવીબેન મુખીના ઘરમાં એક પારિવારિક સભ્યની જેમ જ રહે છે. પણ અરુને આ વાતની ખબર પડતા તેના મનમાં આ સાલવીબેન પ્રત્યે ઈર્ષાના ભાવ જાગે છે.

આ કથાનો આખો બાહ્યપટ્ટ છે. પણ સાચી કથા તો મનના અંદરના જે ઝીણા ઝીણા સંચલનો ચાલે છે એ છે. અહી મનના તાણાવાણા એવી રીતે ગૂંથવામાં આવ્યા છે કે જો અત્યારના પતિ પત્ની આ જુએ અને સમજે તો કદી કોઈ સમસ્યા ના થાય. અહીં અરુની ચંચળતા છે તો સાથે સાથે સમજદારી પણ છે. અરુ હઠાગ્રહી પણ છે તો સત્યવાદી પણ છે. એવી જ રીતે મુખી સાવ ભોળા છે તો સમજદાર પણ છે. તેઓ સ્ત્રી સ્વાતંત્ર્યમાં માને છે. ગ્રામીણ સંસ્કાર હોવાને કારણે તેઓ સ્ત્રીઓનું સન્માન કરે છે. અહી બન્ને વચ્ચે કોઈ અહમ નથી. સંપતિનો કે રૂપનો કે સત્તાનો કોઈ ઈગો

**અનુસંધાન પાના નં. ૭ પર**

# ઔર બાઝાર સે ક્યા લે આઉં, પહેલી બારીશ કા મઝા લે આઉં...!

### રઝળપાટ



અજય ઉપાધ્યાય

'છુપ જાયે કહી આ કે કી બારીશ બહુત તેજ હૈ, યે તેરે મેરે જિસ્મ તો મીટ્ટી કે બને હે '... તેજ અને મુશળધાર વરસાદ પડતો હોય તો છુપાવું જોઈએ કે એય ને નીકળી પડવાનું હોય ભીંજાવા ? પણ આ તો શાયરીની રુહાની દુનિયા આમાં તો છુપાવા પાછળ પણ રીઝન છે ..., આપણે બંને માટીના બનેલા છીએ, પલળશું તો ધોવાઈ જશું ...! વાત શાયરીની નહિ પણ વરસાદમાં ઉત્પન્ન થતા ઉન્માદને લીધે ભાવનાઓમાં વહીને ક્યાંક ના થવાનું થઈ જાય તો એની છે, કવિને આ ચિંતા છે ...! પણ સબ્બા ઈકરામનો લખેલો વરસાદ નો આ ઉત્તમ શેર ઓછા શબ્દોમાં ચોમાસું અને વરસાદનું એક તાદશ ચિત્ર ખડું કરી જાય છે, એમ તો આપણા ગુજરાતીના ઉત્તમ કવિ રમેશ પારેખ ઉર્ફે ર.પા. શેઠે લખ્યું જ છે ને કે 'આકળવિકળ આંખ કાન વરસાદ ભીંજવે, હાલકડોલક ભાનસાન વરસાદ ભીંજવે.... અહીં આપણે બે અને વરસાદ ભીંજવે મને ભીંજવે તું તને વરસાદ ભીંજવે... થરથર ભીંજે આંખ કાન, વરસાદ ભીંજવે, કોને કોનાં ભાનસાન, વરસાદ ભીંજવે...! આપણે બે અને વરસાદ ભીંજવે ... અહાઆ કવીએ ઓછા શબ્દોમાં કેટલું કહી દીધું ...!

વરસાદ પડે કે તરત જ વરસાદી કવિઓનો રાફડો ફાટી નીકળે ...(આવું હું નહિ પણ શોસીયલ મીડિયા પર કહેવાનું ચલણ છે )...! પણ એમાં વાંક કવીજીવોનો નહિ પણ વરસાદી મોસમનો જ છે મી લોર્ડ ..! કવિતા માટે એમ કહેવાય છે કે ક્યા તો દિલ મા દર્દ હોવું જોઈએ અથવા તો મોસમ રંગીન હોવી જોઈએ, પછી જુવો કવિતાનો ઘાણવો ઉતરે એ ...(સો ચીપ વર્ડ ના...!)! અને જો એમાયે પહેલી લાઈનમાં લખ્યું એમ પ્રિયજન સાથે હોય તો પત્યું ... કવિતાના ઓરંગઝેબો પણ એકાદી ઉછીની શાયરી ઠબકારતા થઈ જાય...! દિલીપ રાવલની આ મસ્ત ચાર લાઈન વાંચો : 'હવે કહુ છું જરા ભીંજાવને વરસાદ ના સમ છે, પછી હળવેથી સંકોચાવ ને વરસાદ ના સમ છે... તમોને રાત આખી રહી જવાના કોડ જો જાગ્યા, તમે પણ કહી દીધુ હવે જાવ ને વરસાદ ના સમ છે...' આ પ્રિયજનના સંગાથ અને ચોમાસાની વાત શાયર અંજુમ સલીમી જરા જુદી રીતે કહે છે...' સાથ બારીશમે લિયે ફિરતે હો ઉસકો 'અંજુમ', તુમને ઈસ શહેરમે ક્યા આગ લગાની હૈ કોઈ ?...' ! અલ્યા ભાય છમાછમ વરસાદ પડતો હોયને બાઈકની બેકસીટ પર પ્રિયજન હોય પછી આગ જ લાગે ને ...!'

'બરસાત કે આતે હી તૌબા ન રહી બાકી, બાદલ જો નજર આયે બદલી મેરી નિયત ભી '(હસરત મોહાની)..નીયત બદલે જ એમાં તારો નહિ ભૂરા પણ મૌસમનો ફોલ્ટ ગણવાનો ! આ ફોલ્ટમાં રાજેશ-શર્મિલાના આરાધનાના ફેમસ સોંગની જેમ હાય શરાબી મૌસમ બહેકાયેએએએ જ ગાવું પડે ...! પણ વાત કવિતા અને શાયરીની છે તો પરવીન શાકીરનો આ શેર વાંચો '' અબ ભી બરસાતકી રાતોમે બદન તૂટતા હૈ, જાગ ઉઠતી હૈ અજીબ ખ્વાહિશે અંગડાઈ કી ''... ખ્વાહિશો અને ચોમાસાને ડાયરેક્ટ સંબંધ! ભીનીભીની મોસમ અને માટીની ખુશ્બુ અને ઉપરથી રુમઝુમ રુમઝુમ વરસાદ પડતો હોય તો ખ્વાહિશે ના જાગે એને ફયટ....! કોઈ અજ્ઞાત શાયરે ચોમાસાની ભીની માટી વિષે લખ્યું છે કે '' જો મુહ કો આ રહી થી વો લીપટી હૈ પાવો સે, બારીશ કે બાદ મીટ્ટીકી ફીદરત બદલ ગઈ ...' જો કે ઘણાની નિયત વરસાદી મોસમ જોઈને જરા જુદી રીતે પણ બદલતી હોય છે 'તૌબા કી થી મૈ ના પીઉંગા કભી શરાબ, બાદલકા રંગ દેખ નિયત બદલ ગઈ ...!' .સુદર્શન કાફિર આ બોટલવાળી વાત જુદી રીતે કહે છે 'હમ તો સમજે થે કી બરસાત મેં બરસેગી શરાબ, આઈ બરસાત તો બરસાતને દિલ તોડ દિયા...'! હહાહાહાહ એની વે બેક ટુ વરસાદી વર્ણન - કવિ મુકેશ જોશી લખે છે '' લીલાછમ પાંદડાએ મલકતા મલકતા માંડેલી અચરજની વાટ, ધરતીને સીમમાં જોઈ એકલીને એને બાઝી પડ્યો રે વરસાદ.' કઈક આવી જ રીતે પ્રિયતમ સાથે હોય ત્યારે વરસાદ બાઝી પડતો હોય છે — ભીંજવી દેતો હોય છે — પલાળી દેતો હોય છે..! જો કે ઘણા નંગો એવા પણ હોય છે કે વરસાદને જુવે ને નાકનું ટીચકું ચડાવે આવા માટે જ કદાચ વરસાદ વતી કવિ કૃષ્ણ દવેએ લખ્યું છે કે 'છેવટ કંટાળી મેં વાદળાંને કીધું કે વરસ્યા વિનાના શું જાવ છો !, વાદળ કહે કે ભાઈ વરસી તો પડીએ પણ આપશ્રી ક્યાં કોઈદી ભીંજાવ છો ? '' આવા જ નંગો માટે કદાચ ર.પા. શેઠે પણ લખેલું કે ''આજ વરસાદ નથી એમ ના કહેવાય, એમ કહીએ કે હશે, આપણે ભીના ન થયા. '' !!!! હોય હોય ઘણા આવા હોય જેને મોસમ હારે કાઈ લાગેવળગે નહિ, ભલે ર.પા. એ આ શેર જુદા અર્થમાં લખ્યો હોય પણ આવા નંગોને લાગુ તો પડે જ છે ...!!! જો કે કદાચ ગુલઝાર આ કવિતામાં લખે છે એને હિસાબે પણ ઘણાને ચોમાસું કઠતું હોય શકે, '' બારીશ આતી હૈ તો મેરે શહેર કો કુછ હો જાતા હૈ, ટીનકી છત, તર્પાલ કા છજ્જા, પીપલ, પત્તે, પર્નાલા સબ બજને લગતે હૈ ...''

વરસાદ અને પ્રિયજન જો બંને સાથે હોય તો અહા ક્યા કહેના ? ''એકલી તું ? એકલો હું? આપણે બન્ને જણા,વાદ કે વિખવાદમાં, તું ચાલને વરસાદમાં... એક વાદળ, એક કાજલ, એક પળ ને એક સ્થળ એકલા ઉન્માદમાં, તું ચાલને વરસાદમાં. (અનિલ ચાવડા) પણ આ તો પ્રિયજન સાથે હોય તો ...અને ના હોય તો ? કોઈ અજ્ઞાત કવીએ લખ્યું છે એમ 'વરસતા વરસાદમાં તું સાથે હોય તો કેવું? વરસાદને પણ લાગે કંઈક વરસ્યા જેવું...' જફર ઈકબાલ નો આ શેર આ જ વાત જરા જુદી રીતે કહે છે પ્રિયજનની વાત ...' મૈ વો સહરા જિસે પાનીકી હવસ લે ડૂબી, તુ વો બાદલ જો કભી તૂટ કે બરસા હી નહિ ...' કરશનદાસ લુહાર વાતને જરા અવસાદ તરફ લઈ જતા લખે છે 'છે મારા ગામનું આકાશ કોરુંકટ્ટ આંખોમાં; અને છાયામાં તારા શહેરનો વરસાદ વાંચું છું!..' રમેશ પારેખ લખે છે 'એક વરસાદનું ટીપું અમે છબીમાં મઢ્યું, ત્યારથી ભેજભર્યા ઓરડા કોરા ન થયા. 'આજ વાત લાંબા ઈન્તેઝાર છતાં પ્રિયાના દીદાર કરી ના

**અનુસંધાન પાના નં. ૭ પર**